# કીટકશાસ્ત્ર વિભાગ દ્વારા ટપકાંવાળી લશ્કરી ઇયળ (ફોલ આર્મીવર્મ)ની કામગીરીની બેઠક તેમજ ઓળખ અને નિયંત્રણ અંગેની તાલીમ યોજાઈ

**કીટકશાસ્ત્ર વિભાગ**
**બં. અ. કૃષિ મહાવિદ્યાલય**
**આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ – ૩૮૮ ૧૧૦**

---

તાજેતરમાં ગુજરાતમાં મકાઈના પાકમાં ટપકાંવાળી લશ્કરી ઇયળ (ફોલ આર્મીવર્મ) નામની નવી જીવાત જોવા મળેલ છે. આણંદ કૃષિ યુનિવર્સિટીના કાર્યક્ષેત્રમાં આવતા નવ જિલ્લા (આણંદ, ખેડા, મહીસાગર, છોટા ઉદયપુર, બોટાદ, અમદાવાદ, વડોદરા, પંચમહાલ અને દાહોદ) માં આ જીવાતના ઉપદ્રવની માહિતી મેળવવા સંશોધન નિયામકશ્રી એ જિલ્લાવાર ટીમો બનાવેલ છે. સદર ટીમના દરેક સભ્યને આ જીવાતના ઉપદ્રવ અંગે સર્વે તેમજ ઓળખ અને તેના નિયંત્રણના પગલાં વિશે કીટકશાસ્ત્ર વિભાગમાં આજે તા. ૦૫/૧૦/૨૦૧૮ ને શુક્રવારના રોજ ૯:૦૦ કલાકે તાલીમનું આયોજન કરવામાં આવેલ.

સદર તાલીમ કાર્યક્રમમાં દરેક જિલ્લાની ટીમોના કુલ ૨૬ સભ્યોએ ભાગ લીધો હતો. તાલીમમાં કીટકશાસ્ત્ર વિભાગના વડા શ્રી ડો. પી. કે. બોરડે ટપકાંવાળી લશ્કરી ઇયળ (ફોલ આર્મીવર્મ)ની ઓળખ અને નિયંત્રણ વિશે ખૂબજ વિસ્તૃત માહિતી આપી હતી અને સર્વેને આ જીવાત વિશે માહિતગાર કર્યા હતા. વધુમાં ભવિષ્યમાં આ જીવાત માટે કઈ રીતે સાંશોધન કરી શકાય તે અંગે પણ માહિતી આપી હતી. ડો. ડી. બી. સિસોદીયા અને સહ સાંશોધન વૈજ્ઞાનિકે કીટકશાસ્ત્ર વિભાગની પ્રયોગશાળામાંથી આ જીવાતના જીવંત નમૂના બતાવી જીવાતની ઓળખ વિશે તેમજ દરેક સભ્યએ સર્વે દરમ્યાન કઈ કઈ માહિતી એકઠી કરવી તે અંગે માર્ગદર્શન આપ્યું હતું. તાલીમ કાર્યક્રમમાં સર્વે સભ્યોના પ્રશ્નોનું નિરાકરણ પણ કરવામાં આવ્યું હતું. અંતમાં ડો. આર. કે. ઠુમર, સહ પ્રાધ્યાપકે આભાર દર્શન રજૂ કરી કાર્યક્રમને પૂર્ણ જાહેર કર્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા વિભાગના ડો. સી. બી. ધોબી તથા સર્વ કર્મચારીઓએ ખુબ જ ખંતથી કામગીરી બજાવી હતી.

# ટપકાંવાળી લશ્કરી ઇયળ (ફોલ આર્મીવર્મ) ની કામગીરીની બેઠક તેમજ ઓળખ અને નિયંત્રણ અંગેની તાલીમ












